# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

મેધા ત્રિવેદી

**૧. પ્રસ્તાવના**

માણસ માત્રને પોતાના રોજિંદા જીવનમાં ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે આ તદન સામાન્ય વાત છે. આવી જ રીતે શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પણ સમસ્યા ઉદ્દ્ભવતી હોય છે. આજે અભ્યાસનું કેન્દ્ર બાળક છે. બાળકોને સુસજ્જ કરવા માટે માતા-પિતા, કુટુંબ, સમાજ અને શિક્ષકો અથાગ પ્રયત્ન કરે છે. શિક્ષણએ દ્વી ધ્રુવી પ્રક્રિયા છે કે જ્યાં શિક્ષક વિષયવસ્તુ અને ભાષાના માધ્યમથી નવુ શીખવવાં પ્રયત્ન કરે છે અને વિદ્યાર્થી નવુ શીખવાનો પ્રયત્ન કરે છે. પરંતુ દરેક બાળકની બુદ્ધિ, રસ, રુચિ, વલણ અને વ્યક્તિત્વ જુદા જુદા હોય છે. ઘણી વાર શાળામાં આપતું શિક્ષણ વિદ્યાર્થીની વ્યક્તિગત જરૂરિયાતોને પૂરી કરી શકતું નથી. પરિણામે કેટલાક બાળકો હતાશા અનુભવે છે, તો કેટલાક લઘુતાગ્રંથીથી પીડાય છે. આવા બાળકો શાળામાં તોફાન કરે છે, ગેરશિસ્ત કરે છે. વળી, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કે જેઓ શારીરિક રીતે પુખ્ત થતાં તેમનામાં વિચારોની સ્થિરતાં અને સમાયોજન શક્તિ પ્રમાણમાં ઓછી જોવા મળે છે. તેથી તેઓની સમસ્યા પણ વિશિષ્ટ પ્રકારની હોય છે. તેથી વિદ્યાર્થીઓની સમસ્યાઓને ધ્યાનમાં લઈ પ્રસ્તુત સંશોધન હાથ ધરેલ છે.

**૨. સમસ્યા વિધાન**

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

**૩. અભ્યાસનું મહત્વ**

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ નીચે મુજબ છે.

- આ સંશોધન ભાવિ સમસ્યાઓનો સામનો કરવા એક દિશાસૂચન બની રહેશે.
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓ જાણીને તે સમસ્યાના ઉકેલ લાવવા માટે યોગ્ય વિચારણા થઈ શકશે.
- વિદ્યાર્થિઓની સમસ્યાઓ જાણીને તેનું નિરાકરણ થઈ શકશે.
- આ અભ્યાસથી વિવિધ સમસ્યાઓ જેવી કે શારીરિક-આરોગ્ય વિષયક સમસ્યા, આર્થિક સમસ્યા, સંવેગિક સમસ્યા, શૈક્ષણિક સમસ્યા વગેરે સમસ્યાઓને માટે માપન કસોટી તૈયાર થશે કે તેના દ્વારા વિદ્યાર્થીઓની સમસ્યાની માત્રા જાણી શકાશે.
- આ સમસ્યાની માત્રાના આધારે તેની દૂરોગામી અસરો વિશે આગાહી કરી શકાશે.
- આ વિવિધ સમસ્યાઓ ઘટાડવા માટેના ઉપાયો પ્રાયોજવા માટે માર્ગદર્શન મળી શકાશે અને પ્રયોજાયેલા ઉપાયોની અસરકારકતા પણ નક્કી કરી શકાશે.
- વાલીની અપેક્ષાના પરિણામો જાણી ઉકેલી શકાશે અને વાલીઓને માર્ગદર્શન આપી શકાશે.
- પ્રસ્તુત અભ્યાસથી સીધી અને આડકતરી રીતે શિક્ષણ જગતથી જોડાયેલ વ્યક્તિઓને વધારે અંશે સમસ્યાઓને લગતી બાબતે પુરતુ જ્ઞાન પુરુ પાડી શકાશે.
- વિદ્યાર્થીઓની ધાર્મિક-નૈતિક, કૌટુંબિક-સામાજિક સમસ્યાઓને જાણીને તેના ઉકેલ માટે પ્રયત્નો હાથ ધરી શકાશે.

## ૪. હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

૧. વઢવાણ તાલુકામાં આવેલી માધ્યમિક શાળાના ધોરણ 9ના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨. વઢવાણ તાલુકામાં આવેલી માધ્યમિક શાળાના ધોરણ 9ના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો તેમના વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

૩. વઢવાણ તાલુકામાં આવેલી માધ્યમિક શાળાના ધોરણ-9 ના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો તેમની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૫. સંશોધનની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી.

**$Ho_1$:** વઢવાણ તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ 9ના વિદ્યાર્થીઓની સમસ્યાસૂચિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_2$:** વઢવાણ તાલુકાના ધોરણ 9ના છોકરાઓ અને છોકરીઓની સમસ્યાસૂચિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_3$:** વઢવાણ તાલુકાના શહેરી વિસ્તારના ધોરણ 9ના છોકરાઓ અને છોકરીઓની સમસ્યાસૂચિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_4$:** વઢવાણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ધોરણ 9ના છોકરાઓ અને છોકરીઓની સમસ્યાસૂચિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_5$:** વઢવાણ તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ધોરણ 9ના છોકરાઓની સમસ્યાસૂચિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_6$:** વઢવાણ તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ધોરણ 9ના છોકરીઓની સમસ્યાસૂચિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૬. સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વઢવાણ તાલુકાની માધ્યમિક શાળાઓનાં ધોરણ 9ના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ કરેલ છે. વ્યાપવિશ્વમાંથી યાદૃચ્છિક સ્તરિકૃત ઝૂમખા પદ્ધતિએ નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

## ૭. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વઢવાણ તાલુકાની માધ્યમિક શાળાઓનાં ધોરણ 9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સમાવેશ કરવામાં આવેલ છે.

## ૮. નમૂનાની પસંદગી

પ્રસ્તુત અભ્યાસ માટે  સંશોધનનાં વ્યાપવિશ્વ વઢવાણ તાલુકામાંથી શહેરી વિસ્તારની ત્રણ અને ગ્રામ્ય વિસ્તારની ત્રણ, છોકરા અને છોકરીઓને સહ શિક્ષણ આપતી શાળાને યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવી. જેમાં માધ્યમિક શાળાના

ધોરણ 9ના કુલ  વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આમ કુલ 6 માધ્યમિક શાળામાંથી 305 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

### ૯. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને સમસ્યાસૂચિની રચના કરી હતી. જેમાં પ્રારંભમાં 60 વિધાનોની રચના કરી હતી અને અંતમાં તજજ્ઞીય સમીક્ષાને અંતે 35 વિધાનો પસંદ કરવામાં આવ્યા હતાં. ત્રણ વિકલ્પની સામે વિદ્યાર્થીએ (✓) નું ચિહ્ન કરી પોતાનો પ્રતિચાર આપવાનો તેવી સમસ્યાસૂચિમાં રચના કરેલ હતી.

### ૧૦. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે  નમૂનાના  305 વિદ્યાર્થીઓની સામાન્ય યાદી બનાવી, તેને લગતી માહિતી કમ્પ્યુટરમાં દાખલ કરી તેના પ્રમાણવિચલન તથા સહસંબંધ મેળવી તેનું ટી-મૂલ્ય મેળવવાંમાં આવ્યું હતું. તફાવતની સાર્થકતા 0.01 કક્ષાએ અને 0.05 કક્ષાએ સાર્થક છે કે નહીં તેનાં આધારે અર્થઘટન કર્યું હતું.

### ૧૧. તારણો

સંશોધકે સમસ્યાસૂચિની અભિપ્રાયાવલી દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનનાં આધારે પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબ તારણો મળ્યાં હતાં.

૧. વઢવાણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં વધુ સમસ્યા ધરાવે છે.
૨. વઢવાણ તાલુકાના ધોરણ 9ના છોકરાઓ છોકરીઓ કરતાં વધુ સમસ્યા ધરાવે છે.
૩. વઢવાણ તાલુકાના શહેરી વિસ્તારના છોકરાઓ શહેરી વિસ્તારની છોકરીઓ કરતાં વધુ સમસ્યા ધરાવે છે.
૪. વઢવાણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ ગ્રામ્ય વિસ્તારની છોકરીઓ કરતાં વધુ સમસ્યા ધરાવે છે.
૫. વઢવાણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ શહેરી વિસ્તારના છોકરાઓ કરતાં વધુ સમસ્યા ધરાવે છે.
૬. વઢવાણ તાલુકાની ગ્રામ્ય વિસ્તારના છોકરીઓ શહેરી વિસ્તારની છોકરીઓ કરતાં વધુ સમસ્યા ધરાવે છે.

### ૧૨. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસ દ્વારા સંશોધકે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓ જાણીને તે સમસ્યાના ઉકેલ માટેની દિશામાં યોગ્ય ન્યાય આપવાનો અલ્પ પ્રયાસ આદર્યો છે. સંશોધકને શ્રદ્ધા છે કે શિક્ષણને અસરકારક બનાવવા માટે તેમજ આગામી સંશોધનો માટે પ્રસ્તુત અભ્યાસ દિશાસૂચક બની રહેશે.

### સંદર્ભ સાહિત્ય

૧. આચાર્ય, મહિની (2008). "શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર"(પ્રથમ આવૃતિ) અમદાવાદ, અક્ષર પબ્લિકેશન
૨. દેસાઇ, કે.જી. અને અન્ય (1973). " સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ " (પ્રથમ આવૃતિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
૩. પટેલ, આર. એસ. (2015). " સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર" અમદાવાદ, જય પબ્લિકેશન
૪. પટેલ, આર. એસ. અને અન્ય (2009). " એમ. એડ. લઘુશોધ નિબંધ સારાંશ " અમદાવાદ, જય પબ્લિકેશન
૫. _________. (2009). " શૈક્ષણિક સંશોધન માટે આકડાંશાસ્ત્રીય પદ્ધતિઓ" અમદાવાદ, જય પબ્લિકેશન

૬. પટેલ, એ. એમ. (1989). પ્રાયોગિક અને સુષુપ્ત કાર્યોની ગુરુચાવી, વલ્લભ વિદ્યાનગર.

૭. શાહ, દિપીકા ભદ્રેશ (2004). શૈક્ષણિક સંશોધન (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૮. શુક્લા, એસ. એસ. (2010). “શૈક્ષણિક મનોવિજ્ઞાન “ આગ્રા, અગ્રવાલ પ્રકાશન

_________. (2018). “સંશોધન એક પરિચય “અમદાવાદ, ક્ષિતી પબ્લિકેશન